Wednesday
13.12.2023
✳Volume :8 ✳ Issue No.140
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

ચક્વાત બિપરજોયથી ખરાબ અસરગ્રસ્ત ગુજરાતને ગૃહ મંત્રાલયે રૂ. ૩૩૮.૨૪ કરોડની નાણાકીય સહાય મંજૂર કરી

ગૃહ મંત્રાલયે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન પૂર, વાદળ ફાટવા અને ભૂસ્ખલનથી ગંભીર રીતે પ્રભાવિત હિમાચલ પ્રદેશને NDRF તરફથી રૂ. ૬૩૩.૭૩ કરોડની વધારાની નાણાકીય સહાયને પણ મંજૂરી આપી હતી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, કેન્દ્ર અને ગુજરાત સરકારોએ સમયસર તૈયારીઓને કારણે ચક્વાત દરમિયાન શૂન્ય જાનહાનિ સુનિશ્ચિત કરી

ગુજરાતમાં અત્યંત ભયંકર ચક્વાત બિપરજોય અને હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતને પગલે, ગૃહ મંત્રાલયે નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે તાત્કાલિક આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમો તૈનાત કરી હતી

કમલમ્ ન્યુઝ,

ચક્વાત બિપરજોયથી ખરાબ રીતે પ્રભાવિત ગુજરાતને કેન્દ્ર સરકારે રૂ. ૩૩૮.૨૪ કરોડની નાણાકીય સહાય મંજૂર કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, ગૃહ મંત્રાલયે આજે હિમાચલ પ્રદેશને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (NDRF) માંથી રૂ. ૬૩૩.૭૩ કરોડની વધારાની નાણાકીય સહાય બહાર પાડી છે, જે દક્ષિણમાં પૂર, વાદળ ફાટવા અને ભૂસ્ખલનથી ગંભીર રીતે પ્રભાવિત છે. પશ્ચિમ ચોમાસાને મંજૂરીઆપવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, કેન્દ્ર અને ગુજરાત સરકારોએ સમયસર તૈયારીઓને કારણે ચક્વાત દરમિયાન શૂન્ય જાનહાનિ સુનિશ્ચિત કરી. અત્યંત ભયંકર ચક્વાતબિપરજોયને પગલે, ગૃહ મંત્રાલયે રાજ્ય સરકારની વિનંતીની રાહ જોયા વિના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે તાત્કાલિક એક આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ (IMCT) તૈનાત કરી. કેન્દ્ર સરકારે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ને તેના ૫૮૪ કરોડ રૂપિયાના હિસ્સાનો પ્રથમ હપ્તો પહેલેથી જ જારી કરી દીધો હતો. હિમાચલ પ્રદેશમાં કુદરતી આપત્તિ બાદ અસરગ્રસ્ત રાજ્યને તાત્કાલિક રાહત પૂરી પાડવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, ગૃહ મંત્રાલયે રાજ્ય સરકારની વિનંતીની રાહ જોયાવિનાનુકસાનનું મૂલ્યાંકન કરવામાટે તાત્કાલિક એક આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ તૈનાત કરી. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ એનડીઆરએફ તરફથી હિમાચલ પ્રદેશને તાત્કાલિક રાહત કામગીરીના સંચાલનમાં મદદ કરવામાટે રૂ. ૨૦૦કરોડની રકમ પણઅગાઉથી જારીકરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે SDRFને રૂ. ૩૬૦.૮૦કરોડનાતેનાહિસ્સાના બંને હપ્તા જારીકર્યા હતા.

ધરોઇ ડેમ વિસ્તારનો વર્લ્ડ કલાસ સસ્ટેઇનેબલ ટુરીઝમ એન્ડચ પિલગ્રીમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રકભાઇ મોદીની પ્રેરણાથી ધરોઇ ડેમ વિસ્તારના બહુવિધ પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ પ્રગતિમાં

સ્પિરિચ્યુઅલ-એડવેન્ચર્સ-ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ અને સ્થાનિક રોજગારીના અવસરો ઉભા થશે

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનીપ્રેરણાથીઉત્તર ગુજરાતના ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સસ્ટેઈનેબલ ટુરિસ્ટ પિલગ્રિમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે આ હેતુસર ધરોઈ ડેમને પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ કેન્દ્રમાં રાખી તેની આસપાસના ૯૦કિ.મી ની ત્રિજ્યાના વડનગર, તારંગા, અંબાજીઅને રાણકી વાવ જેવા પ્રસિદ્ધ સ્થળોને સાંકળીને ધરોઈને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા વિવિધ પ્રોજેક્ટ્સની

પંચતત્વ પાર્ક-નાદ બ્રહ્મ ઉપવન એમ્ફી થિયેટર સહિતની સુવિધાઓ તબક્કાવાર વિકસાવાશે

ધરોઇ ડેમની નેવું કિલોમીટર ત્રિજ્યામાં આવેલા તારંગા-અંબાજી-વડનગર-રાણ કી વાવ સહિતના પ્રવાસન સ્થળોને સાંકળી લઇ ધરોઇ ડેમ આકર્ષક ટુરિઝમ ડેસ્ટિનેશન બનશે

કામગીરી શરૂ કરી છે. ધરોઈ રિજિયનનો આ વિકાસ પ્રોજેક્ટ સમગ્રતયા અંદાજે રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરાશે. મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં આ પ્રોજેક્ટસની જાણકારીમાટેધરોઈ ડેમસાઈટ પર જઈને સ્થળનિરીક્ષણ કર્યુંહતું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રોજેક્ટમાં સૂચિત રોડનેટવર્ક અન્વયે પ્રથમતબક્કામાંએડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડની કામગીરીની મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવી હતી. ધરોઈના ડેમના આ સમગ્ર વિસ્તારનું જે ટુરીઝમ પોઈન્ટર ઓફ વ્યૂથી ડેવલપમેન્ટન થવાનું છે તેમાં મુખ્યત્વે એડવેન્ચર વૉટર સ્પોર્ટ્સ એરીના, અન્ય સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિવર એડ્જ ડેવલપમેન્ટએ લેઝર શો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેએમ્ફીથિયેટર, પંચતત્વ પાર્ક (બોટેનિકલ ગાર્ડન), વિઝિટર સેન્ટર એન્ડા વોટર એક્સપિરિયન્સ પાર્ક, અર્થ એક્સપિરિયન્સ પાર્ક, નાદ બ્રહ્મ ઉપવન, વિન્ડ એક્સપિરિયન્સ પાર્ક તેમજ સન એક્સપિરિયન્સ પાર્ક, સ્કાય એક્સપિરિયન્સ પાર્ક, આઈલેન્ડિ ગેટ વે અને જેટ્ટી તથા ઓપન ગ્રીન પાર્ક સહિતના આકર્ષણો જોડવાનું આયોજન કરવામાં આવેલું છે. આ પ્રોજેક્ટ્સને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારની એક આકર્ષક ટુરીઝમ સરકીટ તરીકે ધરોઈ ડેમ વિસ્તાર મુખ્ય આર્થિક બળ બનશે. એટલું જ નહીં, સ્પિરિચ્યુઅલ ટુરિઝમ, એડવેન્ચર્સ ટુરિઝમ, ઈકો એન્ડન રિક્રિએશનલ એક્ટિવિટીઝ ડેવલપ થવાથી આ સમગ્ર વિસ્તારમાં રિજિયન ટુરિઝમ ડેવલપથશે. આ ઉપરાંત પ્રવાસીઓની અવર-જવરને કારણે સ્થાનિકસ્તરે આર્થિક ગતિવિધિને વેગ મળવા સાથે રોજગારીના અવસર પણ ઉભા થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ સ્થળ નિરીક્ષણ મુલાકાતમાંમુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, સલાહકાર શ્રી એમ.એસ.રાઠૌર, મુખ્યમંત્રીશ્રીનાઅધિકમુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, પ્રવાસન સચિવ હારિત શુક્લા તેમજ જળસંપત્તિ સચિવશ્રી કે.એ.પટેલ તથા સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

સોનગઢના અંતરિયાળ વિસ્તારના મોટી ખેરવાણ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ પહોંચ્યો

સરકારની યોજનાઓ થકી વિકાસના પંથે આગળ વધીએ:- રાજ્યકક્ષા મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમ્ ન્યુઝ,

તાપીજિલ્લાના સોનગઢ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા મોટી ખેરવાણ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચતા ગ્રામજનો ખુશીઓથી ઝુમી ઉઠ્યા હતા. કેન્દ્ર સરકારની ૨૨ જેટલી કલ્યાણકારી યોજનાઓનીમાહિતીઅંતરિયાળ વિસ્તારમાં છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સરકાર કટીબદ્ધ છે. ભારત દેશને ૨૦૪૭ માં વિકસિતદેશોની હરોળમાંલઈ જવામોટી ખેરવાણના ગ્રામજનોએઅમૃત સંકલ્પલીધા હતા. રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ,શ્રમ અને રોજગાર,ગ્રામવિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સ્વાગતકરતાજણાવ્યું હતુંકે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈમોદીએ આપણાંદેશને વર્ષ ૨૦૪૭ માં વિકસિત દેશોની હરોળ માં લઈ જવાનો સંકલ્પ કર્યોછે ત્યારે આપણે સૌએસરકારની તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ વિકાસના પંથે આગળ વધવાનુંછે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત શ્રેષ્ઠ ભારતની કલ્પના કરી હતી ત્યારે આવો આપણે સૌ તેમના સ્વપ્નને સાકાર કરીએ એમ ઉમેર્યું હતું. જિલ્લા સમાહર્તા ડૉ.વિપિન ગર્ગે તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યુંહતું કે કેન્દ્ર સરકારની અન્ન યોજના,આયુષમાન યોજના જનધન યોજના જેવી વિભિન્ન કુલ ૨૨ જેટલી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે એ હેતુ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો છે. જેથી તમામ યોજનાઓની જાણકારી મેળવવાથી કોઈ પણ લાભાર્થીઓ રહી ન જાય તેમાટે અનુરોધ કર્યો હતો. આરોગ્યની આયુષ્માન કાર્ડયોજના થીરૂ.૧૦ લાખ સુધીનો હેલ્થ ઈન્સ્યોરન્સ મળે છે જેથી મોટી બિમારીમાં સરકારી કે ખાનગીમાં મફતમાં તેનો ઈલાજ કરાવીશકાય છે.

પુરવઠા વિભાગની ઉજ્વલા યોજનામાં ગેસ કનેકશન મળતા બહેનોને ધુમાડાથી મુક્તિ મળી જાય છે. હાલમાં આંતર રાષ્ટ્રીય મીલેટ વર્ષ ચાલુ હોઈ આપણે આપણાં પારંપારિક ધાન્ય અપનાવીએ એમ ઉમેર્યુ હતું. આ પ્રસંગે પ્રા.શાળાની બાલિકાઓએ પ્રાર્થના, સ્વાગત ગીત,ગરબો રજૂ કર્યા હતા. સખીમંડળનીબહેનોએ નાટક રજૂ કર્યુંહતું. શાળાના તમામબાળકલાકારોને મંત્રીશ્રીસહિત મહાનુભાવોએ રોકડ પુરસ્કાર અને ઘડિયાળ આપી પ્રોત્સાહિત કર્યા હતા. લાભાર્થીઓને યોજનાકીય લાભો અપાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.આર.સી આશિષભાઈ ચૌધરીએ કર્યું હતું. મોટીખેરવાણ ગામે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહ, પ્રાંત અધિકારી સાગર મોવાલિયા, જિલ્લા, તાલુકાના પદાધિકારીઓ, સરપંચો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત રાજ્ય દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત રાજ્યકક્ષાના યુવા ઉત્સવનો સમાપન સમારંભ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયો

પોતાના સુવર્ણ ભવિષ્ય માટે સપના જોવા તે યુવાનોનો અધિકાર છે, કોઈપણ સપના અથાગ મહેનત વગર સાકાર થતા નથી: ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્ ન્યુઝ,

પોતાના સુવર્ણભવિષ્ય માટે સપના જોવા તેયુવાનોનો અધિકાર છે, પરંતુ કોઈ પણ સપના અથાગ મહેનત વગર સાકાર થતાનથી, તેવું આજરોજ ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે નેહરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા યોજાયેલ રાજ્ય કક્ષાના યુવા ઉત્સવમાં જણાવ્યું હતું. રાજ્ય કક્ષાના યુવા ઉત્સવના સમાપન સમારંભમાં ઉપસ્થિતયુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે, એક સ્વપ્ન પૂર્ણ થયા બાદ જ બીજું સપનુંજોવું જોઈએ. તેમણે યુવાનોને જીવનમાં સમય મળે ત્યારે માટી સાથેરમવાની રમતઅવશ્ય રમવી જોઈએ. માટીસાથે રમત રમવાથી જીવનમાંશું શુંફાયદા થાય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમણે યુવાનોને સમાજના નાના-મોટા કામોમાં હંમેશા સહભાગી બનવા અને કોઈપણ વ્યક્તિને મદદરૂપ થવા હંમેશા તત્પર રહેવા અપીલ કરી હતી. તેમણે યુવાનોને સરકારની વિવિધયોજનાઓ જેવી કે આયુષ્યમાન ભારત કાર્ડ, ઉજવલા યોજના જેવી યોજનાઓની લોકોનેસમજ આપી, આ યોજનાઓનો લાભ કેવી રીતે મેળવીશકાય તેવી મદદ કરીને પણ ઉમદા રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી થઈ શકો છો, તેવું પણ જણાવ્યું હતું. ચૂંટણી લડીને જ નેતા બની શકાય તેવું નથી, એવું કહી તેમણે ઉમેર્યું હતું કે, તમે જે ક્ષેત્રમાં કામ કરોછો, ત્યાં કોઈને મદદરૂપ થાવ, કોઈનું જીવન બદલી શકો અને કોઈ વ્યક્તિને સાચો માર્ગ બતાવી લોકોના દિલમાં સ્થાન મેળવી શકો તોઆપ સાચા નેતા જ છો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ યુવાનોને પાસેથી તેઓ પોતાના જીવનમાંશું કરવામાંગે છે, એ વાતો તેમની પાસે જાણી હતી.યુવાનોને એક સપનાસાકાર થયાપછી અટકી ન જવાની પણ અપીલ કરી હતી. ગાંધીનગરના આંગણે યોજાયેલ બે દિવસીય રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓ અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશ દિવ, દમણ અને સેલવાસમાંથી ૬૦૦ જેટલા યુવાનો સહભાગી થયા હતા. બે દિવસ દરમિયાન યુવાનો માટે મોબાઈલ ફોટોગ્રાફી, વક્તૃત્વ, કાવ્ય લેખન અને ચિત્ર સ્પર્ધા સાથે ગ્રુપ ડાન્સ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથેસાથે યુવાનોના જનરલ નોલેજ વધારવા માટે ચંદ્રયાન-૩ વિષય ઉપર ક્વિઝ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. સમાપન સમારોહમાં નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત રાજ્યના સ્ટેટ ડિરેક્ટર શ્રી મનીષાબેન શાહે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં કાવ્ય લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન દાહોદ જિલ્લાની રાજવી કડિયા, દ્વિતીય સ્થાન ગાંધીનગરની આરતીબા ડોડીયા અને તૃતિય સ્થાન સાબરકાંઠાની પ્રેક્ષા ઝાલાએ પ્રાપ્ત કર્યું. ભાષણ સ્પર્ધામાં પ્રથમસ્થાન ભાવનગરની ધ્વનિ રાજયગુરુ, દ્વિતીય સ્થાન સુરતની સોનલ પાંડે અને તૃતિય સ્થાન છોટા ઉદેપુરના મિહિર જયસવાળે પ્રાપ્ત કર્યું. મોબાઈલ ફોટોગ્રાફીમાં પ્રથમ સ્થાન સિલ્વાસના સંદીપ ઘલનાયક, દ્વિતીય સ્થાન અમરેલીના લાઠીયા હર્ષલ અને તૃતિય સ્થાન સુરતના સૂરજ મહારાજે પ્રાપ્ત કર્યું. પેંટિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પોરબંદરની દર્શિકા વારુ, દ્વિતિય સ્થાન નવસારીના દિરઘમ રાઠોડ અને તૃતિય સ્થાન મોરબીની યશવી પરમારે પ્રાપ્ત કર્યું. સામૂહિક સાંસ્કૃતિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન અમરેલીના સુરગંગા નૃત્ય વિધ્યાલએ, દ્વિતીય સ્થાન સિલવાસાના ખાનવેલ ગ્રુપે અને તૃતિય સ્થાન ગાંધીનગરના પ્રારંભ કલાકુંભ ગ્રુપે પ્રાપ્ત કર્યું. ભાષણ સ્પર્ધા, પેંટિંગ સ્પર્ધા, મોબાઈલ ફોટોગ્રાફી અને કાવ્ય લેખન સ્પર્ધાના પ્રથમવિજેતાને ૧૫૦૦૦ રૂપિયા, દ્વિતીય વિજેતાને ૭૫૦૦ રૂપિયા અને તૃતિય વિજેતાને ૫૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતુ અને સામૂહિક નૃત્ય કાર્યક્રમના પ્રથમ વિજેતાને ૪૦૦૦૦ રૂપિયા, દ્વિતીય વિજેતાને ૨૫૦૦૦ રૂપિયા અને તૃતિય વિજેતાને ૧૫૦૦૦ રૂપિયાનો રોકડપુરસ્કાર આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાતના ડેપ્યુટી સ્ટેટ ડિરેકટર શ્રી દુષ્યતભટ્ટ અને ગાંધીનગર જિલ્લાનાઅને ગુજરાત રાજ્યનીસમગ્ર ટીમેભારે જહેમત ઉઠાવીહતી. આકાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓમાંથીઉત્સાહભેર યુવાનો સહભાગીબન્યા હતા.

તંત્રી સ્થાનેથી......

યુનેસ્કો દ્વારા માનવતા અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ થયાય બાદ, દેશ-વિદેશમાં ગુજરાતના ગરબાનો ઉત્સવ જોવા મળી રહ્યો છે. આપણા દેશના ગૌરવ સમાન આ વારસાને વિશ્વસ્તરે નામના મળ્યા બાદ, તેની ખુશીમાં અલગ અલગ દેશોમાં ભારતીય દૂતાવાસે છેલ્લા અમુક દિવસો દરમિયાન ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ન્યુયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે 'ક્રોસરોડ્સ ઓફ ધ વર્લ્ડ' ખાતે ગરબા સમારોહનું આયોજન કર્યું હતું. અમેરિકાના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેરમાં ભારતીય મૂળના લોકોની સાથે સ્થાનિક લોકો પણ ગરબાનૃત્ય કરતા જોવા મળ્યા હતાં. વૉશિંગ્ટનમાં ભારતીયદૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું "ભારતીય સમુદાયે યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં નારીની દિવ્યતાને દર્શાવતા પરંપરાગત ગરબા નૃત્યને સામેલ કરવાની ઉજવણી કરી" બીજી તરફ મેક્સિકો શહેરમાં ભારતીય એમ્બેસી અને ગુરુદેવ ટાગોર ઈન્ડિયન કલ્ચરલ સેન્ટરે ઈન્ડિયન એમ્બેસી ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન ગરબા પરફોર્મન્સ સાથે ફ્લેશ મોબનું આયોજન કર્યું હતું. ભારતીય પ્રવાસી કલાકારો અને સાંસ્કૃતિક કેન્દ્રના વિદ્યાર્થીઓએ ગરબા ફ્લેશ મોબમાં ભાગ લીધો હતો. નામિબિયામાં હાઈ કમિશનના સાંસ્કૃતિક હૉલમાં ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકોએ ભાગ લીધો હતો. ત્રિનિદાદ અને ટોબેગોમાં મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ફોર કલ્ચરલ કો-ઓપરેશન ખાતે ગરબા અને દાંડિયા પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય પ્રવાસીઓ, ખાસ કરીને ગુજરાતી સમુદાયે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત રશિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, આઈસલેન્ડ, સ્વીડન, ઓસ્ટ્રેલિયા, મોરેશિયસ, બોત્સ્વાના, ભૂટાન, પોર્ટુગલ, આર્મેનિયા, સ્કૉટલેન્ડ, મ્યાનમાર, વેનેઝુએલા, વિયેતનામ, ટ્યુનિશિયા, કોલંબિયા, જેદ્દાહ, ફ્રેન્કફર્ટ, ઝિમ્બાબ્વે, વ્લાદિવોસ્તોક, હ્યુસ્ટન, માલ્ટા, અંગોલા, બિરગંજ, છઈ, તુર્કીયે, નામીબિયા, બહેરીન, સીરિયા, કેન્યા, યુગાન્ડા, જીબુટી, લેબેનોન, કંબોડિયા, કતાર, પનામા, મેડાગાસ્કર, ડેનમાર્ક, યુક્રેન, ચેક રિપબ્લિક, ઝામ્બિયા, ઉઝબેકિસ્તાન, ઈરાક, ઈજિપ્ત, એટલાન્ટા, ટોરોન્ટો, ક્યુબા, ચિલી, દક્ષિણ આફ્રિકા, હોંગકોંગ, બેલ્જિયમ વગેરે દેશોમાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ભારતીય સમુદાયના સભ્યોએ ગરબા પરફોર્મન્સ આપ્યું હતું.

સરકાર આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત રહી છે: નાંદોદ ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન દેશમુખ

પીએમ આવાસ યોજના થકી ગરીબોના રહેઠાણનું ચિત્ર બદલ્યું : ગરીબ કુટુંબોને મળ્યું સુવિધાયુક્ત પાકું ઘર

કમલમ્ ન્યુઝ,

નાંદોદના ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિતિમાં નાંદોદ તાલુકાના રાણીપરા ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ગ્રામજનોએ ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. આ વેળાએ સરકારની પ્રજાલક્ષી યોજનાઓ અંગે ફિલ્મ નીહાળી ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા શપથ લીધા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, સરકાર આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત રહી છે. છેવાડાના માનવીને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ આવરીને લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે રાજ્ય સરકારે મહત્વના પ્રયાસો આદર્યા છે. સરકારે મહિલાઓ, યુવાનો, ખેડૂતો સહિત બાળકો-કિશોરીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખ્યું છે. વધુમાં ધારાસભ્યશ્રી ડો. દેશમુખે જણાવ્યું કે, સરકાર પ્રજાની તમામ સમસ્યાઓના નિવારણ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. સરકારની પ્રત્યેક યોજનાઓનો લાભ લઈને અન્ય લોકોને માર્ગદર્શિત કરવા ધારાસભ્યશ્રીએ ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

ગરીબ અને મધ્યમવર્ગીય પરિવાર માટે જીવનમાં બે મહત્વના મોટા કાર્યોમાં એક લગ્ન પ્રસંગ અને બીજુ પરિવાર માટે સુરક્ષિત પાકું મકાન બનાવવાનું સ્વપ્ન હોય છે. ઘરના પ્રમુખ પર બાળકોના ભણતરનો ખર્ચ, પત્નીની જરૂરિયાતો, માતા-પિતાની કાળજી સહિતની તમામ જવાબદારીઓ હોય છે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પિતા શરૂઆતથી જ ઉચ્ચ શિક્ષણમાં લાગનાર ખર્ચનો અંદાજ લગાવીને બચત શરૂ કરી દે છે, વધુમાં દીકરા-

દીકરીના લગ્ન માટે પણ બચત શરૂ કરી દે છે. એવામાં, ભણતર અને લગ્નની ચિંતામાં પાકા મકાનનું સ્વપ્ન, સ્વપ્ન જ રહી જાય છે. દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરહંમેશ દરેક ક્ષેત્રના વિકાસ અને છેવાડાના વંચિત માનવી સુધી પહોંચીને તેમની નાનામાંનાની જરૂરિયાતોની દરકાર લીધી છે. પ્રધાનમંત્રીશ્રીએ પ્રત્યેક ગરીબ અને મધ્યમવર્ગની ચિંતા કરીને પાકા મકાનથી વંચિત લાભાર્થીઓના સપનાને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી સાકાર કર્યું છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' તરોપા ગામે પહોંચતા ત્યાનાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીશ્રી દેવસિંગભાઈ એમ. વસાવા 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત પોતાના પાકા મકાનના સપનાની અનુભૂતિને ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરતા જણાવે છે કે, વર્ષોથી પાકા મકાનમાં રહેવાની ઈચ્છા હતી. વરસાદના સીઝનમાં ખુબ મુશ્કેલી વેઠી છે. છત અને દરવાજા વાટેથી ઘરમાં પાણી આવવાથી ઘરવખરીનુ સામાન બગડતુ હતુ. વરસાદની સીઝનમાં મારા બાળકોને ભુખ્યા સુવુ પડ્યું છે. વધુમાં પાણીના કારણે મચ્છર થતા બિમારીની શક્યતાઓ વધતી હતી. અમે ખુબ મુશ્કેલી વેઠી છે. વધુમાં લાભાર્થીશ્રી સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવે છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાની માહિતી અમને ગ્રામસભા દ્વારા મળી હતી. આ યોજના થકી સરકારના આર્થિક ટેકના કારણે જ હું મારા પરિવારને એક પાકુ અને સુરક્ષિત મકાન આપી શક્યો છું.

નોંધનીય છે કે, ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને પોતાનું પાકું મકાન બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧.૨૦ લાખની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. જેથી જરૂરિયાતમંદ પરિવારોના રહેઠાણની સુવિધા બદલાઈ છે. નર્મદા જિલ્લાના ગામેગામ ભ્રમણ કરી રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નાંદોદ તાલુકાના રાણીપરા ગામે પહોંચતા 'મેરી કહાની, મેરી જુબાની' કાર્યક્રમ હેઠળ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને પોતાના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની અનુભૂતિ અંગે લાભાર્થીઓએ ગ્રામજનો સમક્ષ પોતાની સફળવાર્તા રજૂ કરી હતી. આ પ્રસંગે રાણીપરા ગામની દીકરી નિર્જલાબેન એસ. વસાવાએ પોતાની સફળવાર્તા ગ્રામજનો સમક્ષ રજૂ કરતા જણાવ્યું કે, મને પૂર્ણાશક્તિના માસિક ચાર પેકેટનો લાભ મળે છે, જેનાથી હું અવનવી વાનગીઓ તૈયાર કરીને આરોગુ છું. આ યોજનાના લાભથી મારું લોહી અને વજન વધ્યું છે. મારા પોષણસ્તરમાં પણ સારો સુધારો થયો છે. અમને દર શનિવારે પોષણની સાથે માસિક ચક્ર, આરોગ્ય, સ્વચ્છતા તેમજ મહિલા સશક્તિકરણ માટે અનેકવિધ મુદ્દાઓ અંગે જાગૃત કરવામાં આવે છે. આ વેળાએ આયુષ્માન કાર્ડના લાભાર્થી શ્રીમતી કરીનાબેન વસાવા જણાવે છે કે, આયુષ્માન કાર્ડના કારણે સીઝેરીયન સેવાઓ તથા મારી વિનામૂલ્યે પ્રસુતિ થઈ છે. આ માટે અમને એક પણ રૂપિયો ખર્ચવો પડ્યો નથી. જે બદલ શ્રીમતી વસાવા સરકારશ્રીનો આભાર વ્યક્ત કરે છે. ગરૂડેશ્વરના પાનતલાવડી ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પહોંચતા 'મેરી કહાની, મેરી જુબાની' કાર્યક્રમ હેઠળ સરકારની વિવિધ યોજનાકીય લાભોથી પોતાના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની અનુભૂતિ કરતા લાભાર્થીઓએ ગ્રામજનો સમક્ષ પોતાની સફળ વાર્તાઓ રજૂ કરીને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થી શ્રી જફરુલ્લાખાન ઠાકોર જણાવે છે કે, સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના ખુબ બહુમૂલ્ય છે. પરિવારનું એક પણ સભ્ય બિમાર પડે ત્યારે ખર્ચની ચિંતા કર્યા વગર દવાખાના દરવાજે પહોંચી જઈએ છીએ. કેટલો ખર્ચો થશે તેની ચિંતા નથી. પણ બિમારી ખર્ચાળ હોય તો ત્વરિત નાણાની સુવિધા કંઈ રીતે કરવી?

શોસ્ટોપર: યાત્રા આગળ વધતાં ખેડૂત-મૈત્રીપૂર્ણ ડ્રોન હજારોને કેવી રીતે આકર્ષિત કરે છે

"ભારત સરકાર હજારો મહિલા સ્વસહાય જૂથોને ડ્રોન પ્રદાન કરશે, આપણે આપણા કૃષિ કાર્ય માટે ડ્રોન સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું શરૂ કરીશું

શરૂઆતમાં, આપણે ૧૫ હજાર મહિલા સ્વસહાય જૂથોનું નિર્માણ કરવાનું શરૂ કરીશું, જે એક મજબૂત ડ્રોન તાલીમ મિશનને સક્ષમ બનાવવાના સ્વપ્નને સાકાર કરશે"

કમલમ્ ન્યુઝ,

જનજાતીય ગૌરવ દિવસના પાવન અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડના ખૂંટીથી ભગવાન બિરસામુંડાની જયંતીની ઉજવણીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા (વીબીએસવાય)નું ઉદ્ઘાટન કર્યું હતું. સરકારી કલ્યાણ કાર્યક્રમોને તળિયાના સ્તરે લાવવાની રાષ્ટ્રવ્યાપી પહેલ તરીકે જે શરૂ થયું હતું તેણે હવે એક નવીન વળાંક લીધો છે, જે કૃષિ અને આનુષંગિક પ્રવૃત્તિઓમાં ડ્રોન ટેકનોલોજીની પરિવર્તનશીલ શક્તિનું પ્રદર્શન કરે છે.

૨.૬૦ લાખથી વધુ ગ્રામ પંચાયતો અને ૪,૦૦૦થી વધુ શહેરી સ્થાનિક એકમોને આવરી લેતો વિશાળ આઉટરીચ કાર્યક્રમ વિકસિત ભારત સંકલ્પ યાત્રા પ્રગતિ અને સર્વસમાવેશકતાનું પ્રતીક બની ગયો છે. જેમ જેમ યાત્રા વેગ પકડે છે, તેમ તેમ સ્પોટલાઇટની ચોરી કરતું એક નોંધપાત્ર પાસું એ છે કે કૃષિલેન્ડસ્કેપમાં ડ્રોનનું સંકલન. આ પહેલનો ઉદ્દેશ ખેડૂતોને અત્યાધુનિક ટેકનોલોજી સાથે સશક્ત બનાવવાનો, તેમને ઉત્પાદકતા અને ટકાઉ પદ્ધતિઓ વધારવા માટેનાં સાધનો પ્રદાન કરવાનો છે. ડ્રોનઃ શોના સ્ટાર્સ લોકો આતુરતાથી વીબીએસવાય આઈઈસી વાન અને ડ્રોનના શોની રાહ જોતા હોય છે જે શોના સ્ટાર બની ગયા છે.

સમગ્ર અભિયાન દરમિયાન જીવંત દેખાવો કરવામાં આવી રહ્યા છે ત્યારે ગુંજારવભર્યા અવાજ સાથેના ફ્લાઈંગ મશીનો પ્રેક્ષકોને, ખાસ કરીને ખેડૂતોને મંત્રમુગ્ધ કરી રહ્યા છે. આ નિદર્શનો કૃષિમાં ક્રાંતિ લાવવામાં ડ્રોનની સંભાવનાને દર્શાવે છે. ધ્યાન માત્ર કાર્યક્ષમતામાં વધારો કરવા પર જ નહીં, પરંતુ જાણકાર નિર્ણયો લેવા માટે જ્ઞાન અને સાધનોથી ખેડૂતોને સશક્ત બનાવવા પર પણ છે. દેશના ખૂણેખૂણામાં ડ્રોન પ્રદર્શનોએ ખેડૂત સમુદાય, ખાસ કરીને મહિલા ખેડૂતોની ભારે પ્રશંસા મેળવી છે. કેરળથી હિમાચલ પ્રદેશ સુધી, ગુજરાતથી ત્રિપુરા સુધી, સંદેશ સ્પષ્ટ હતો - ડ્રોન કૃષિમાં સકારાત્મક પરિવર્તન માટે ઉત્પ્રેરક છે. લાઈવ ડેમોન્સ્ટ્રેશનમાં ખાતરોના સંતુલિત ઉપયોગને દર્શાવવામાં આવ્યો છે, જેમાં વધારાના રાસાયણિક ખાતરોને ટાળવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે. ડ્રોનમાં નેનો યુરિયા, નેનો ડીએપી (ડાય-એમોનિયમ ફોસ્ફેટ) અને અન્ય સૂક્ષ્મ પોષક તત્ત્વોના ખાતરોનો છંટકાવ કરવામાં આવ્યો હતો, જે ટેકનોલોજી કૃષિમાં લાવે છે તે ચોકસાઈ અને કાર્યક્ષમતા દર્શાવે છે. ડ્રોન દ્વારા જંતુનાશક દવાના છંટકાવના જીવંત નિદર્શનથી અસરકારક જંતુવ્યવસ્થાપનમાં આ તકનીકીની સંભાવનાને વધુ પ્રકાશિત કરવામાં આવી છે. પ્રવાહી ખાતરો અને જંતુનાશકોના હવાઈ છંટકાવનું જીવંત નિદર્શન એવી પદ્ધતિને પ્રોત્સાહન આપે છે જે મર્યાદિત સમય મર્યાદામાં વધુ પડતા ખાતરના ઉપયોગને નિયંત્રિત કરે છે.

નારી શક્તિઃ ડ્રોનની સંભાવનાને મુક્ત કરવી મહિલાઓની આગેવાની હેઠળનો વિકાસ સુનિશ્ચિત કરવાનો પ્રધાનમંત્રીનો સતત પ્રયાસ રહ્યો છે. આ દિશામાં વધુ એક પગલું ભરતાં પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી મહિલા કિસાન ડ્રોન કેન્દ્રનો શુભારંભ કરાવ્યો હતો. શ્રીમતી કોમલાપતિ વેંકટા રવનમ્મા આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લામાં એક સ્વ-સહાય જૂથના સભ્ય છે. તેમણે માત્ર ૧૨ દિવસમાં જ કૃષિ હેતુઓ માટે ડ્રોન ઉડાડવાનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું હતું અને ૩૦ નવેમ્બરના રોજ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વડા પ્રધાન સાથે તેમના અનુભવો શેર કર્યા હતા. જ્યારે પ્રધાનમંત્રીએ ગામડાંઓમાં કૃષિલક્ષી ઉદ્દેશો માટે ડ્રોનનો ઉપયોગ કરવાની અસરો વિશે પૂછપરછ કરી, ત્યારે તેમણે પુષ્ટિ કરી હતી કે, તેનાથી પાણી સાથે સંબંધિત પડકારોનું સમાધાન કરવામાં મદદ મળશે અને સાથે-સાથે સમયની કાર્યદક્ષતામાં પણ વધારો થશે.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે લોકો ભારતની નારીશક્તિ પર શંકા કરે છે, તેમના માટે શ્રીમતી વેંકટા જેવી મહિલાઓ ઉદાહરણરૂપ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આગામી સમયમાં ખેતીમાં ડ્રોનનો ઉપયોગ મહિલાઓની આગેવાની હેઠળના વિકાસનું પ્રતિક બનશે. આ ઉપરાંત તેમણે વિકાસિત ભારત સંકલ્પ યાત્રામાં મહિલાઓની ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ભારતીય તટરક્ષક દળે દરિયાઈ ચાંચિયાગીરીને નાથવા માટે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સહકારને મજબૂત કરવા ગુજરાતમાં ૧૫મી ક્ષમતા નિર્માણ વરિષ્ઠ અધિકારીઓની બેઠકનું આયોજન કર્યું

કમલમ્ ન્યુઝ,

ભારતીય તટરક્ષક દળ (આઈસીજી) ૧૧થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ગુજરાતનાં ગાંધીનગરમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટ સામે લડવા (ReCAAP) પર પ્રાદેશિક સહયોગ સમજૂતી સાથે ક્ષમતા નિર્માણ વરિષ્ઠ અધિકારીઓની બેઠક (સીબીએસઓએમ-૨૦૨૩)ની ૧૫મી આવૃત્તિનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકનો ઉદ્દેશ એશિયામાં જહાજો સામે દરિયાઇ ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટની અપડેટ થયેલી સ્થિતિને સમજવાનો, એકબીજાના અનુભવોનું આદાનપ્રદાન કરવાનો અને તમામ કરાર કરનાર પક્ષોના સહયોગી અભિગમ સાથે આ પ્રકારની ઘટનાઓનો સામનો કરવા માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ વિકસાવવાનો છે. ReCAAP માં નિયુક્ત ભારતીય ગવર્નર હોવાને કારણે, ડિરેક્ટર જનરલ રાકેશ પાલે ચાર દિવસીય બેઠકનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય વિષયના નિષ્ણાતો અને વક્તાઓ ઉપસ્થિત રહ્યા છે. આ બેઠકમાં ૧૫ દેશોના કુલ ૧૯ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ભારતીય નૌકાદળ, મુખ્ય બંદરો, સ્ટેટ મેરિટાઇમ બોર્ડ, ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ જેવા રાષ્ટ્રીય હોદ્દેદારોના વરિષ્ઠ અધિકારીઓ સહિત અન્ય દરિયાઈ સંગઠનો પણ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. ReCAAP ચાંચિયાગીરીને ડામવા સહકાર વધારવા માટે સૌપ્રથમ અને એકમાત્ર પ્રાદેશિક સરકાર-થી-સરકાર સમજૂતી છે. ભારત ReCAAP સમજૂતીને બહાલી આપનારો ૧૦મો દેશ બન્યો હતો, જે ૦૪ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ અમલમાં આવી શક્યો હતો. હવે, ૨૧ દેશો ReCAAP કરારમાં કરાર કરનાર પક્ષકાર છે. ભારત સરકારે ચાંચિયાગીરી અંગેની માહિતી સભ્ય દેશોને અને સિંગાપોરમાં ReCAAP માહિતી વહેંચણી કેન્દ્રને વહેંચવાની જવાબદારી આઈસીજીને સોંપી છે. આઈસીજીએ ૨૦૧૧, ૨૦૧૭ અને ૨૦૧૯માં ReCAAP આઈએસસી સાથે ભારતમાં ક્ષમતા નિર્માણ કાર્યશાળાઓનું સફળતાપૂર્વક સહ-આયોજન કર્યું હતું.

તિલકવાડા અને ગરુડેશ્વર તાલુકાના વિવિધ ગામોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

સંકલ્પ રથ યાત્રામાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને ઘર આંગણે જ સરકારની વિવિધ યોજનાઓના લાભ એનાયત કરાયા

કમલમ્ ન્યુઝ,

નર્મદા જિલ્લાના ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ ફ્લેગશીપ યોજનાકીય લાભોની માહિતી ઘરઆંગણે પહોંચાડીને વંચિત લાભાર્થીઓને આવરી લઈ સો ટકા લક્ષ્યાંક હાંસલ કરવાના નિર્ધાર સાથે વિકસિત ભારત સંકલ્પ - રથયાત્રા ગામેગામ ભ્રમણ કરી રહી છે. જેના ભાગરૂપે ગરુડેશ્વરના લીમડી ગ્રામ પંચાયત ખાતે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી માગતાભાઈ વસાવા અધ્યક્ષતામાં રથ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સંકલ્પ યાત્રાનું મહત્વ સમજાવી સરકારની વિવિધ યોજનાઓનો લાભો લેવા અનુરોધ કર્યો હતો. આ સંકલ્પ રથ યાત્રા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર અને તિલકવાડા તાલુકાના વાગડીયા, લીમડી, વ્યાધર, દેવલીયા ગામે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. આ યાત્રામાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને ઘર આંગણે જ સરકારની વિવિધ યોજનાઓના લાભ એનાયત કરવામાં આવ્યા હતાં. મેરી કહાની, મેરી જુબાની હેઠળ વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાની સફળતાની વાર્તાઓ રજૂ કરીને સૌને લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતાં.

ધરતી કહે પુકાર અંતર્ગત મિશન મંગલમની બહેનો દ્વારા પ્રાકૃત્તિક ખેતી અપનાવી પર્યાવરણને બચાવવા અંગે નાટક પ્રસ્તુત કર્યું હતું. તાલુકા પંચાયત પ્રમુખશ્રીના હસ્તે સરપંચશ્રીને "અભિલેખા" પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. ઉપરાંત કાર્યક્રમમાં જિલ્લા માહિતી વિભાગ દ્વારા સરકારની વિવિધ યોજનાઓની માહિતી માટે

લોકડાયરા રજૂ કર્યા હતા. આરોગ્ય કેમ્પમાં ટીબી સહિતની તપાસ કરવામાં આવી હતી. ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ પણ નિહાળી હતી, અને ૨૦૪૭ સુધી 'વિકસિત ભારત' બનાવવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતે મહાનુભવોએ વિવિધ વિભાગો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલનું નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ-સદસ્યો, સરપંચશ્રી, આગેવાનશ્રીઓ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, અધિકારી-કર્મચારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ દેશનાં વિકાસમાં સહભાગી થઈએ

અપર મહાનિદેશક શમીમા સિદ્દીકી છાપરાભાઠા, સુરતમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાયા

સુરતનાં મેયર દક્ષેશભાઈ માવાણીની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ, જાણકારી છેવાડાના લોકો સુધી પહોચાડવા સરકાર પ્રયત્નશીલ છે. જે અંતર્ગત આજે વિકસીત ભારત સંકલ્પ યાત્રા સુરત શહેરમાં છાપરાભાઠા વિસ્તારમાં પહોંચી હતી. આ કાર્યક્રમને સંબોધતા પીઆઈબીના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રીમતી શમીમા સિદ્દીકીએ જણાવ્યું હતું કે સરકાર છેવાડાના લોકોને પણ મુખ્ય પ્રવાહમાં લાવવા માટે અનેક પ્રયત્નો કરી રહી છે. જે માટે વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાઓની જાણકારી આપના ઘર સુધી પહોચાડવા માટે જ વિકસીત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે લોકોને પોતાને લાગુ પડતી વિવિધ યોજનાઓની જાણકારી મેળવવા અને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો તેમણે જણાવ્યું હતું કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી આપણે દેશનાં વિકાસમાં સહભાગી બની શકીએ છીએ. છાપરાભાઠામાં આયોજિત આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા દ્વારા યોજનાઓની જાણકારી આપતા સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં આધાર, ઉજાલા, પીએમ સ્વનિધી, મેડિકલ ચેકઅપ જેવા ૧૭ જેટલા વિભાગોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી. ઉપસ્થીત લોકોએ ભારતને વિકસીત કરવાના શપથ ગ્રહણ કર્યા હતા. તેમજ લાભાર્થીઓએ પોતાના અનુભવ પણ વર્ણવ્યા હતા. આ પ્રસંગે શહેરનાં પ્રથમ નાગરિક શ્રી દક્ષેશભાઈ માવાણી, વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર, તેમજ અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતાં.

હિંમતનગરમાં પોલીસ પરેડનું રેન્જ IG એ નિરીક્ષણ કર્યું

કમલમ્ ન્યુઝ,હિંમતનગર

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્ર સિંહ યાદવ હિંમતનગર ખાતે વાર્ષિક પરેડ નિરીક્ષણ માટે પહોંચ્યા હતા. જ્યાંતેઓએ જિલ્લા પોલીસની વિવિધ ૧૯ ફાયવાતાનુ નિરીક્ષણ કર્યુ હતુ. જેના બાદ પોલીસ સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના પ્રશ્નોને સાંભળવામાં આવ્યા હતા. મંગળવારેહિંમતનગરની મુલાકાત દરમિયાન રેન્જ આઈજીએ કાર્ડમ કોન્ફરન્સ અને પોલીસ હેડ ક્વાર્ટરના વિવિધ વિભાગમાં વિઝીટ કર્યાબાદ લોકદરબાર યોજ્યો હતો. હિંમતનગર સ્થિત પોલીસ હેડક્વાર્ટરમાં વાર્ષિક પરેડનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સાબરકાંઠા એસપી વિજય પટેલે પોલીસ પરેડનુ રિપોર્ટીંગ કર્યુ હતુ. ત્યાર બાદ આઈજી વિરેન્દ્રસિંહે વાર્ષિક સેરીમોનિય લ પરેડનું નિરીક્ષણ કર્યુ હતું.

પોલીસ દ્વારા વિવિધ ૧૯ જેટલી કવાયત યોજી હતી. જેમાં માઉન્ટેડ, ડોગ સ્કવોડ, પીટી, આર્મ્ડ પીકેટ, રાયફલ, કેદી પાર્ટી, રિકોયટી ઓપરેશન, સહિતની કવાયત યોજવામાં આવી હતી. પરેડ નિરીક્ષણ બાદ રેન્જ આઈજીએ મીડિયાને બતાવ્યુ હતુ કે, પરેડ સારી હતી અને પ્રતિ વર્ષ માસે જિલ્લા હેડ ક્વાર્ટર્સ ખાતે યોજવી જોઈએ જેથી ક્ષતિઓ દૂર થઈ શકે. પોલીસ હેડ ક્વાર્ટર્સમાં આવેલ સ્ટોર, આર્મર વર્કશોપ, એમ.ટી. વિભાગ, માઉન્ટેડ શાખા, ડોગ શાખા, વિશ્વાસ પ્રોજેક્ટ, કમાન્ડ એન્ડ કંટ્રોલ, પોલીસ લાઈન વિઝીટ કરી હતી. આ દરમિયાન DySP અંકિત પટેલ, સ્મિત ગોહિલ, પાયલ સોમેશ્વર અને રીમા ઝાલા ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

માનનીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના બેન અને પશ્ચિમ રેલ્વેના અધિકારીઓ અને ગુજરાતના સાંસદો સાથે બેઠક યોજાઈ હતી. સંસદીય મતવિસ્તારના મુખ્ય સ્ટેશનો પર અનેક મુખ્ય ટ્રેનોના સ્ટોપેજ અને ખાસ કરીને તારાપુર, ભાયનગર, અરણેજ રેલવે લાઇનના નિર્માણનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તલોદના અણખોલ ખાતે ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉત્સાહભેર સ્વાગત કર્યું

કમલમ્ન્યુઝ,ઇકબાલ મેમણ

સાબરકાંઠાજિલ્લાના તલોદ તાલુકાના અણખોલ ગામે ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ની ઉપસ્થિતિમા વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. આપ્રસંગેઉપસ્થિતસૌ નાગરિકોએ કાર્યક્રમ સ્થળેઆંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડબેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા આ પ્રસંગે ગામના સરપંચશ્રી, જનપ્રતિનિધિઓ, આગેવાનો, અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહ ભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ લીધા હતા. લાભાર્થીઓને મહાનુભવોના હસ્તે સહાય વિતરણ કરાયું હતું. આ

શ્રી અખિલ ભારતીય કચ્છકડવા પાટીદાર સમાજ, નખત્રાણા ખાતે કચ્છ જિલ્લાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન

જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગાંધીધામ શાળાની સિદ્ધિ

કમલમ્ ન્યુઝ,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા આયોજીત કચ્છ જિલ્લાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન વર્ષ ૨૦૨૩-૨૪ તારીખ ૮, ૯ ડિસેમ્બરના યોજાયું હતું. જેમાં માધ્યમિક વર્ગના વિભાગ ૨ 'પર્યાવરણને અનુરૂપજીવન શૈલી' અંતર્ગત શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગલીધોહતો. આઅંતર્ગત શાળા દ્વારારજૂ કરાયેલ કૃતિ 'પ્રવાહીકૃત ઝાડ દ્વારા પર્યાવરણનું જતન' શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદ ગી પામી છે. જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાંમેળવેલ સફળતા બદલ બાળવૈજ્ઞાનિકોકુ. જીલઝરૂઅને કુ. ચાહત અવાડીયાતેમજ માર્ગદર્શક શિક્ષિકા બહેનોએકિતાબેન મછ્છર પૂરું પાડ્યું હતું. અનેદીપાબેનશર્માને સમગ્ર શાળા પરિવાર તથા શાળાના આચાર્યાશ્રીવિજલબેન ગઢવીએ શુભેચ્છા પાઠવી હતી. આ કૃતિનું મોડેલ બનાવવામાં શાળાના આચાર્યાશ્રી વિજલબેન ગઢવીતથા શાળા સંચાલક મંડળએ પ્રોત્સાહન સંતોએઆશીર્વચનપાઠવ્યા હતા. શાળા દ્વારા બનાવેલ કૃતિ ઝોન કક્ષાના વિજ્ઞાન મેળામાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે તેમજ આ "પ્રવાહીકૃત ઝાડ દ્વારા પર્યાવરણનું જતન" મોડલશહેરો અને દેશનું પ્રદૂષણ ઓછું કરવામાં ખૂબ જ ઉપયોગી બના શે એવી લાગણીતેમણે વ્યક્ત કરી હતી.

જામનગર ખાતે ધારાસભ્ય રિવાબા જાડેજાના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,જામનગર

જિલ્લા રોજગાર કચેરી જામનગર અને ધારાસભ્ય શ્રી રિવાબા જાડેજાના સંયુકત ઉપક્રમે આઈ.ટી.આઈ.કેમ્પસ જામનગર ખાતે જિલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૩ જેટલા ઔદ્યોગિક એકમો યુવાનને રોજગારી અર્પણ કરવા સહભાગી થયા હતા અને ૫૬૦ જેટલા યુવાનોને રોજગાર મેળાના માધ્યમથી રોજગાર પ્રાપ્ત થાય તે પ્રકારનું આયોજન હાથધરાયું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય રિવાબા જાડેજાએ પ્રસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે એકજન પ્રતિનિધિ તરીકે હું જ્યારે યુવા વર્ગનું પણ પ્રતિનિધિત્વ કરી રહી છું ત્યારે યુવાઓનોકઈ રીતેસર્વાંગી વિકાસ કરીશકાય તેમાટેનો આએક નમ્ર પ્રયાસ છે.ભારત એ સૌથી વધુ યુવાધન ધરાવતો દેશછે ત્યારે આ યુવાઓને પોતાના કૌશલ્ય આધારિત રોજગાર મળે તે માટેના આ મેળાના માધ્યમથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પણ યુવા તેમજ શિક્ષિત વર્ગના વિકાસ માટે સતત પ્રયત્નશીલરહે છે અને એમની પ્રેરણાથી જ આજે રાજ્યભરમાં આપ્રકારના રોજગાર મેળાઓનું આયોજન શકય બન્યુ છે. સુરક્ષારના પ્રયત્નોથી દેશભરમાં આજે 'મેડ ઈન ભારત'ની પરિકલ્પના સાકાર થઈ રહી છે. અનેક ખ્યાતનામ વિદેશી કંપનીઓએ પોતાના ઉદ્યોગો આજે ભારતનરક વાળ્યાછે.દેશના દરેક ક્ષેત્રમાં આજે મહિલાઓ પોતાનુ યોગદાન આપી રહી છે અને આગળ વધી રહીછે ત્યારે ઉદ્યોગ, આરોગ્ય અને રોજગાર ક્ષેત્રે સદાય અગ્રે સર રહે લું જામનગર વધુ વિકાસની ઊંચાઈઓ સર કરશે તે નિશ્ચિત છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદીએ ઉપસ્થિત યુવાઓનેપ્રેરિત કરતાજણાવ્યુહતું કે યુવાઓએ કોઈ એક ચોકકસ ક્ષેત્રમાં પોતાનુ કૌશલ્ય વિકસિત કરવુ અને ઔદ્યોગિક એકમોને સતત તમારી જરૂરિયાત રહે એ પ્રકારે પોતાની જાતને તૈયાર કરવી એ આજના સમયની માંગ છે. યુવાનોમાંકૌશલ્યવર્ધન થાય તે માટે રાજ્ય સરકાર પણ પ્રયત્નશીલ છે અને થોડાસમય પહેલાજ સરકાર દ્વારા સ્થાપવામા આવેલ સ્કિલ ડેવલોપમેન્ટ યુનિવર્સિટી એ તેનુ તાદશ ઉદાહરણ છે. આ પ્રસંગે રોજગાર મદદનિશ નિયામક સરાજબેન સાંડપાએ સ્વાગત પ્રવચન વડે ઉપસ્થિત સૌને આવકાર્યા હતા જ્યારે કાર્યક્રમની આભાર વિધિ આઈ.ટી.આઈ.ના આચાર્ય જે. આર. શાહે કરી હતી. કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મનહરભાઈ ઝાલા, ડેપ્યુટી મેયર કિંજલબેનસોઢા, શાસકપક્ષના નેતા આશિષભાઈ જોશી, શિક્ષણ સમીતીના ચેરમેન મનીષભાઈ કનખરા, મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદી, કોર્પોરેટરઓ, નાકરી દાતાઓ તેમજ બહોળી સંખ્યામાં નોકરીવાંચ્છુ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,રૂપેશ રાવલ-ખેડબ્રહ્મા

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ તથા પ્રદેશ સંગઠન ના મહા મંત્રી રત્ના કરજી તેમજ ઝોન મહા મંત્રી રજનીભાઇ પટેલ ની સૂચના અને માર્ગ દર્શન થી સાબરકાંઠા જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ જિલ્લા મહા મંત્રી તરીકે ગુજરાત ના છેવડા ના એટલે કે રાજસ્થાન સરહદ નજીક ના કોટડા ગામ ના લુકેશભાઈ વેસા ભાઈ સોલંકી ની સાબરકાંઠા જિલ્લાના મહા મંત્રી તરીકે નિમણૂક ની જાહેરાત કરવામાં આવી છે લુકેશભાઈ સોલંકી છેલ્લા ત્રણ ટર્મ થી સાબરકાંઠા જિલ્લા આદિ જાતિ મોરચા ના પ્રમુખ તરીકે પદ ભાર સાંભળી રહ્યા છે જ્યારે ખેડબ્રહ્મા અને પોસીનાં તાલુકા પંચાયત માં છે બે વાર સભ્ય તરીકે ચૂંટાયેલા હતા ખેડબ્રહ્મા તાલુકા પંચાયત માં કારોબારી ચેરમેન તરીકે નો હોદ્દો નિભાવી ચૂક્યા છે સાબરકાંઠા જિલ્લા સંગઠન માં બે ટર્મ સુધી આદિ જાતિ મોરચા ના મહા મંત્રી તરીકે પણ સેવાઓ આપેલ છે ખેડબ્રહ્મા અને પોસીના તાલુકા ના લોકો માં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ખેડબ્રહ્મા શહેર ના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અરવિંદ ભાઈ રાવલ મહા મંત્રી રાજેન્દ્ર સિંહ ચૌહાણ ભારતીય જનતા પાર્ટીના ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખ સુરેશ ભાઈ પટેલ કાસેબાદી સભ્ય મેહુલ ભાઈ રાવલ ખેડબ્રહ્મા શહેર પ્રતિષ્ઠિત વહેપારી મનિષ ભાઈ કોઠારી બધાની ઉપસ્થિત માં શાલ ઓઢાડી ને અભિનંદન પાઠવ્યા હતા

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

માનનીય અધ્યક્ષની ગેરહાજરીમાં કૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અધ્યક્ષતા કરવાની તક મળી. બેઠકમાં જાહેર વિતરણની દુકાનોની સુવ્યવસ્થિત કામગીરી અને POS ની સફળતા અંગે રજૂઆત અને ચર્ચા કરવામાં આવી હતી.

પલસાણા તાલુકાના કરણ અને તલોદરા ગામ ખાતે PIB ના એડિશનલ ડાયરેક્ટર જનરલ શમીમા સિદ્દિકીની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

છેવાડાના ગરીબ,મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ રહી છે: પીઆઇબીના એડિશનલ ડાયરેક્ટર જનરલ શમીમા સિદ્દિકી

મહાનુભવોને હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના પલસાણા તાલુકાની કરાણા ગામ ખાતે પીઆઈબીના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રીમતી શમીમા સિદ્દિકીની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી.આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવિનીબેનપટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.પ્રદર્શનના માધ્યમથી સરકારની વિવિધ યોજનાઓની નાગરિકોને જણ કારી આપવામાં આવી હતી. નવા લાભાર્થીઓની નોંધણી પણ કરવામાં આવી હતી. આ અવસરે પીઆઈબીના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રીમતી શમીમા સિદ્દિકીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતાજણાવ્યુહતું કે ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાના સપનાનેસાકાર કરવામાટે સરકાર કટિબદ્ધ છે. છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકારહરહંમેશાપ્રયત્નશીલ રહી છે. સરકારનીયોજનાઓનો આપણા માટેજ છે જેનો દરેકલોકોએ લાભ લેવો જોઈએ. તમામ લોકોને આ સંકલ્પ રથ વિશે માહિતી આપી સરકારની વિવિધયોજનાનો લાભ અન્યલોકોને અપાવવોજોઈએ એમ કહી વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાઈને લાભ લેવા માટે અપીલ કરી હતી. વધુમાં તેમણે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને આઈસીડીએસ વિભાગ પાસે પોષણયુક્ત આહારના મહત્વ વિશે, આરોગ્ય વિભાગ પાસેઆરોગ્યલક્ષી વિવિધ યોજનાઓવિશે અને કૃષિ વિભાગ પાસે કૃષિને લગતી તમામ યોજનાઓ વિશે માર્ગદર્શન મેળવવા માટે અનુરોધ કર્યો હતો. આ વેળાએ મહાનુભવોના હસ્તે વિવિધયોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વચ્ર્યુઅલ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમનુંજીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએનિહાળ્યું હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રિ-દિવસીય એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ વિષયક ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો પ્રારંભ

કમલમ્ન્યુઝ,બીના પટેલ

કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), નવી દિલ્હી દ્વારા વર્લ્ડ બેંક પુરસ્કૃતસેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ-નાહેપ કાસ્ટ પ્રોજેક્ટ કાર્યરત છે. આણંદ કૃષિ યુનિવર્સિટી અને ઓસ્ટ્રેલિયાની વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીની સ્કુલ ઓફ કોમ્પ્યુટર, ડેટા અને મેથેમેટીકલ સાયન્સિઝ વિભાગના સંયુકત ઉપક્રમે એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ વિષય ઉપર તા. ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમિયાન યોજાનાર ત્રિ-દિવસીય આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સનું આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાંઆવ્યું છે.

આ ત્રિ-દિવસીય કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગેડો. કે. બી. કથીરીયાએવર્તમાન સમયમાં બદલાતી વાતાવરણની પરિસ્થિતીઓ, ખેત પેદાશોના ભાવમાં અસમાનતા તેમજ અન્ય પાસાંઓનો ધ્યાને લેતાં પ્રાઈસ ફોરકાસ્ટીંગની અગત્યતા જણાવી હતી. તેઓએ વધુમાં આણંદ કૃષિ યુનિવર્સિટી અને ઈસરો વચ્ચે વિવિધ પાકના ડેટાનું વિનિમય તેમજ સર્વના માધ્યમથી વિવિધ પાકોમાં થતા નુકસાનને ધ્યાનમા રાખીને કરવામાંઆવેલા એમઓયુ વિશે માહિતી આપી હતી. કોન્ફરન્સમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવો દ્વારા એ. આઈ. ની વર્તમાન સમયમાં ઉપયોગિતા, માર્કેટ અને હવામાનની પરિસ્થિતિઓ તેમજ નવીનતમ ટેકનોલોજીને ખેડૂત સુધી ઝડપથી પહોચાડવા અંગેશુંકરીશકાય જેવા મુદાઓ અંગેજાણકારી આપવામાં આવી હતી. આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં ૧૬ તાંત્રિક બેઠકોનું આયોજનકરવામાં આવ્યુંછે જેમા દેશ વિદેશના આશરે ૫૫૦ ડેલિગેટ્સ જોડાયાં છે. "પ્રાઇવિંગ એગ્રીકલ્ચર ફોરવર્ડ રીસન્ટ ટ્રેન્ડ્સ એન્ડ ઈનોવેશન્સઇન એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલિજન્સ" વિષય ઉપર વૈજ્ઞાનિકો, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, પ્રતિનિધિઓ તથાઉદ્યોગ સાહસિકો સાથે વિચાર વિમર્શ અને મંતવ્યો રજૂ કરાશે.

આકોન્ફરન્સના ઉદઘાટન સમારોહ માં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર્સ વેલફેરના કમિશ્નર ફોર એગ્રીકલ્ચર કોસ્ટ અને પ્રાઇસ ચેરમેન પ્રો. વિજય પોલ શર્મા, આઈસીએઆર, ન્યુ દિલ્હીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (એજ્યુકેશન) અને નેશનલ ડાયરેક્ટર નાહેપ ડો. આર. સી. અગ્રવાલ, વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી,ઓસ્ટ્રેલિયાના પ્રોફેસર ડો. અથુલા ગીનીગે, વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી,ઓસ્ટ્રેલિયાના સાઉથ એશિયાનારીજીયોનલ ડાયરેક્ટર ડો. નમ્રતા આનંદ, નેશનલ નાહેપ કાસ્ટ, આઈસીએઆર, ન્યુ દિલ્હીના નેશનલ કો-ઓર્ડીનેટર ડૉ.અનુરાધા અગ્રવાલ, આઈએબીએમઆઈના સંશોધન નિયામક, આચાર્ય અને ડીન ડો. એમ. કે. ઝાલા તેમજ યુનિવર્સિટીના અધિકારી-કર્મચારીઓ સહિત વૈજ્ઞાનિકો, પ્રોફેસરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

જો સિમેન્ટની તમામ પ્રોડક્ટનું પેકેજિંગ બ્રાઉન પેપરમાં કરવામાં આવે તો પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી સંતુલિત વિકાસમાં ખુબ મોટુ યોગદાન આપી શકાય: મંત્રી શ્રી મુળુભાઈ બેરા

પ્લાસ્ટિકથી થતા નુકશાન અને તેના વિકલ્પ વિશે વિદ્યાર્થી કાળથી જ જનજાગૃતિ કેળવવામાં આવે તો તેના વધુ સારા પરિણામો જોવા મળશે : રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલ

કમલમ્ ન્યુઝ, 'વિકસિત ભારત @2047'ના વિઝન સાથે ગુજરાતમાં ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન થઈ રહ્યું છે ત્યારે સંતુલિત વિકાસની સંકલ્પના અને પ્લાસ્ટિકના સુચારુ ઉપયોગ માટે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા આજે ગાંધીનગર ખાતે 'સસ્ટેનેબલ પેકેજિંગ: રીથિંકિંગ પેકેજિંગ ફોર ગ્રિનર ટુમોરો' વિષય પર સેમિનાર તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પેકેજીંગના ઉદ્યોગમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા માટે તથા પ્લાસ્ટિક સિવાયના ટકાઉ મટીરીયલના ઉપયોગમાં વધારો થાય તે ઉદેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઇ બેરાએ જણાવ્યું કે, આપણા વેદોએ ખૂબ જ સચોટ રીતે કહ્યું છે કે હવા, પાણી, જમીન અને કુદરત તમામ આપણા અસ્તિત્વનો આધાર છે. વર્તમાન સમયમાં આપણે સૌ ક્લાઈમેટ ચેન્જની અસરો અનુભવીએ રહ્યા છીએ. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ અસરને વધુ તીવ્ર બનતી જોઈ છે અને અણધારી આફતોનો સામનો પણ કર્યો છે. આજે ગ્લેશિયર્સ પીગળી રહ્યાછે, સમુદ્રનું સ્તર વધી રહ્યું છે, નદીઓ સુકાઈ રહી છે. વાતાવરણના આ ફેરફારોએ આપણને સૌને વિચારવા માટે મજબૂર કર્યા છે. સમગ્ર વિશ્વને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણને અનુકૂળ જીવનશૈલીનો વિચાર ''મિશન લાઈફ'' રૂપે આપ્યો અને આ જ વિચારને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વેગવંતો બનાવ્યો છે. મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ વધુમાં કહ્યુ કે, સિમેન્ટ ઉદ્યોગોની પ્રાઈમ પ્રોડક્ટનું પેકેજીંગ બ્રાઉન પેપરમાં કરવામાં આવે છે જ્યારે ઓપીસી અને પીપીસી જે રેગ્યુલર ઉપયોગ માટે વપરાય છે તે પ્રકારની સિમેન્ટનું પેકેજિંગ પ્લાસ્ટિકમાં કરવામાં આવે છે. જો સિમેન્ટની તમામ પ્રોડક્ટનું પેકેજિંગ બ્રાઉન પેપરમાં કરવામાં આવે તો પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી સંતુલિત વિકાસમાં ખૂબ મોટુ યોગ દાન આપી શકાય. સિમેન્ટ પ્લાસ્ટિક તેમજ અન્ય ઉદ્યોગ જગતના અગ્રણીઓ આ સેમિનારમાં ઉપસ્થિત છે ત્યારે સાથે મળી સંતુલિત વિકાસનો રોડ મેપ તૈયાર થાય તે જરૂરી છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, તાજેતરમાં રાજ્યના વન વિભાગે સ્વચ્છતા જાળવવાના ઉદેશ સાથે ગિરનારની લીલી પરિક્રમા દરમિયાન તથા બાદમાં દર્દ અને વિદ્યાર્થીઓની મદદથી યાત્રા રૂટ પરથી કચરો એકત્રિત કરવાની ઝુંબેશ હાથ ધરી હતી. આશરે ૫૦ ટનથી વધુ કચરો એકત્રિત કરવામાં આવ્યો તેનો મોટો ભાગ એ પ્લાસ્ટીક પેકેજીંગનો હતો. આ બાબત ગંભીર છે અને આજે જે સેમિનાર યોજવામાં આવ્યો છે તેનું ચિંતન પણ આ વિષય પર છે જે ખૂબ સારી બાબત છે. મંત્રીશ્રીએ જણાવ્યુ કે, પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ વૈશ્વિક વ્યાપારમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આપણે હવે એ તબક્કે છીએ જ્યાં ટેકનોલોજીમાં નવીનતા થકી પર્યાવરણ સાથે સુમેળ સાધી કાર્ય કરીએ. સરકાર, ઉદ્યોગો અને ઉપભોક્તા સંતુલિત પેકેજિંગ થકી સ્વસ્થ ભાવિને આકાર આપવામાં નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. સરકારે એવી નીતિઓ ઘડવાની જવાબદારી ઉઠાવી છે જે પર્યાવરણ અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપે છે. ઉદ્યોગોએ પેકેજિંગ સોલ્યુશન્સ માટે સંશોધનમાં નવીનતા લાવવી પડશે અને ઉપભોક્તા તરીકે આપણી પસંદગીઓ ખૂબ શક્તિ ધરાવે છે તેથી આપણે ટકાઉ ઉત્પાદનોની માંગ પણ વધારવી પડશે. આપણો વિવેકપૂર્ણ ઉપયોગ પૃથ્વીને હરિયાળા ભવિષ્ય તરફ લઈ જશે. તેમણે વધુમાં જણાવ્યું કે, એક સમાજ તરીકે આપણે ઈકો-ફ્રેન્ડલી પેકેજિંગ પધ્ધતિઓ તરફ પ્રયાણ કરવું જોઈએ જે પર્યાવરણ પર પડતી કચરાની અસરને ઘટાડે છે. સંતુલિત પેકેજિંગ માત્ર પૃથ્વીની રક્ષા કરવાની આપણી જવાબદારી સાથે સિમિત નથી પરંતુ નવીનતા અને પ્રગતિની પણ એક તક આપે છે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અભિયાનના કરેલા અહવાનને દેશના સૌ નાગરિકોએ જનઆંદોલન બનાવી ખૂબ સારો સહકાર આપ્યો છે જે સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત પર્યાવરણ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આજના આ સેમિનાર પાછળ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વિચારે પ્રેરકબળ પૂરું પાડ્યું છે. મોર્નિંગ વોક દરમિયાન રસ્તામાં ઠેર ઠેર જોવા મળેલી પ્લાસ્ટિકની ખાલી બોટલો જોઈને મુખ્યમંત્રીશ્રીએ લોકોમાં જનજાગૃતિ લાવવા પ્રયાસો કરવા સૂચન કર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, આ પ્રકારના જનજાગૃતિ કાર્યક્રમો શાળા કોલેજોમાં થવા જરૂરી છે. વિદ્યાર્થી કાળથી જ પ્લાસ્ટિકથી થતા નુકશાન અને તેના વિકલ્પ વિશે જનજાગૃતિ કેળવવામાં આવે તો તેની અસર વધુ સકારાત્મકતા સાથે જોવા મળશે. એટલું જ નહિ, આ અભિયાનમાં વધુ સારા પરિણામો મેળવવા સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓએ પણ વિશેષ ભાગીદારી નોંધાવવી ખૂબ જરૂરી છે. વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમારે પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, આવનારા સમયમાં પર્યાવરણની સુરક્ષા અને સંરક્ષણની દિશામાં આ પ્રકારના સેમિનાર મહત્વના સાબિત થશે. ગુજરાત માટે ઉત્પાદિત પ્લાસ્ટિકમાંથી આશરે ૩૬%નો ઉપયોગ માત્ર પેકેજિંગમાં થાય છે, જેમાં ખાદ્યપદાર્થો અને પીણાના કન્ટેનર માટે સિંગલ-યુઝ પ્લાસ્ટિક ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

જેમાંથી લગભગ ૮૫%નો લેન્ડફિલ કચરા તરીકે નિકાલ થાય છે. દેશના ૭૦% રિસાયકલર્સ ગુજરાતમાં છે. મહત્વનું છે કે, ગુજરાત કચરામાંથી કંચન બનાવવાની માનસિકતા ધરાવે છે ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગોમાં પ્લાસ્ટિકના કચરાના કો-પ્રોસેસિંગ માટેના ૧૩ પ્લાન્ટ પણ છે. વર્ષ ૨૦૦૯ થી ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં રાજ્યમાં લગભગ ૯.૬ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો સિમેન્ટ ભઠ્ઠામાં કો- પ્રોસેસિંગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે GPCBના અધ્યક્ષ શ્રી આર. બી. બારડે સ્વાગત પ્રવચન કર્યું હતું તથા GPCBના સભ્ય સચિવશ્રી ડી. એમ. ઠાકરે આભારવિધી કરી હતી. મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રીશ્રી મુકેશ પટેલે GPCBના સંકુલમાં વૃક્ષારોપણ કરી પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિજનલ ડાયરેક્ટર શ્રી પ્રસુન ગાર્ગવ, કેન્દ્રીય પર્યાવરણ વન અને ક્લાયમેટ ચેન્જ વિભાગના અધિકારી શ્રી યોગેશ કુમાર, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ પરીખ, ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ એસોસિયેશનના પ્રમુખ શ્રી વિજયભાઈ જાવિયા તેમજ સિમેન્ટ, પ્લાસ્ટિક, પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો તથા વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતાં.

"ગુજરાત છેલ્લા બે દાયકાથી રોકાણ માટે સૌથી પસંદગીનું સ્થળ છે" -ડો. કુબેરભાઈ ડીંડોર

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે કાર્યક્રમમાં સંબોધન કર્યું અને ગુજરાતમાં રોકાણ કરવા માટે ઈન્દોરમાં ઉદ્યોગ અગ્રણીઓને આમંત્રણ આપ્યું

"વાઇબ્રન્ટ સમિટે ગિફ્ટ સિટી, ધોલેરા, પીએમ મિત્ર પાર્ક, માંડલ બેચરાજી અને PCPIR જેવા વિશેષ રોકાણ ક્ષેત્રો સહિત ગુજરાતમાં ફ્યુચર રેડી મેગા પ્રોજેક્ટ્સના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે." -ડો. કુબેરભાઈ ડીંડોર

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર, ૧૧ ઈન્ટરનેશનલ અને ૮ ડોમેસ્ટિક રોડ-શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતોની સફળતા બાદ, વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પ્રતિનિધિમંડળે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના નેતૃત્વમાં ઈન્દોર રોડ શોનું સફળતાપૂર્વક સમાપન કર્યું. આ પ્રસંગે ગુજરાત સરકારના અધિકારીઓ સહિત ઉદ્યોગ જગતની પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. રોડ શો પહેલા, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ૧૦ વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ સાથે વન-ટુ-વન મીટિંગ કરી, જેમાં ભાસ્કર ડેનિમ (દૈનિક ભાસ્કર જૂથ), ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એર્કિંગ ઈન્ટરનેશનલ, અવગોલ લિમિટેડ, સીર ૧ મોલ એન્ડ રિયલ-એસ્ટેટ લિમિટેડ, AVTEC લિમિટેડ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. આ દરમિયાન, તેમણે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે વાત કરી અને છેલ્લા બે દાયકામાં બિઝનેસીસને સુવિધા, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જીવનની ગુણવત્તામાં વધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કેવી રીતે ગુજરાત વિકાસ માટે એક રોલમોડેલ બન્યું છે તેના પર ભાર મૂક્યો. ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચેના સંબંધોને બિરદાવતા માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો કે આ રાજ્યો માત્ર ભૌગોલિક સરહદો જ નથી વહેંચતા, પરંતુ ભારતના કૃષિ લેન્ડસ્કેપમાં પણ મહત્વનું યોગદાન આપે છે. તેમણે કહ્યુ કે, ''ઘઉં, ચોખા, કપાસ, બાજરી અને કઠોળ જેવા પાકો બંને રાજ્યોના કૃષિ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ છે, જે તેમની અર્થવ્યવસ્થા અને તેમના લોકોની આજીવિકામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ રાજ્યોના ભીલ, ગામીત, ગોંડ અને બૈગા જેવા આદિવાસી સમુદાયોને કારણે તેમનો સાંસ્કૃતિક વારસો ઘણો સમૃદ્ધ છે. આ આદિવાસી સમુદાયોએ હંમેશા તેમના અનન્ય વારસાને જાળવી રાખ્યો છે. સમયની સાથે, બંને રાજ્યોએ ઔદ્યોગિક વિકાસને અપનાવ્યો છે, જેમાં ગુજરાત પેટ્રોકેમિકલ્સ અને ઉત્પાદનમાં ઉત્કૃષ્ટ છે, જ્યારે મધ્યપ્રદેશ ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ અને ફૂડ પ્રોસેસિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ભારતના આર્થિક લેન્ડસ્કેપમાં નોંધપાત્ર યોગદાન આપે છે. આમ, બંને રાજ્યો વિકસિત ભારત @૨૦૪૭ના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને વેગ આપે છે. ''વાઈબ્રન્ટ ગુજરાત વ્યાપક સામાજિક-આર્થિક વિકાસના ઉદ્દેશ્યથી બિઝનેસ નેટવર્કિંગ, નોલેજ શેરિંગ અને વ્યૂહાત્મક ભાગીદારી માટેના સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક ફોરમમાં વિકસિત થયું છે. આજે, વૈશ્વિક સીઈઓ સ્થાનિક ઉદ્યોગ સાથેના સંબંધો કેળવવા, વિકાસ માટે નવીન માર્ગો પર વિચાર મંથન કરવા અને રાજ્યના આર્થિક વિકાસને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવીને રોકાણ પર સહયોગ કરવા માટે ગુજરાતને પસંદ કરે છે.'' વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે છેલ્લા બે દાયકામાં USD 55 બિલિયનનું વિદેશી રોકાણ આકર્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતની નિકાસમાં ૩૩% થી વધુ યોગદાન ગુજરાતનું છે, જે દેશમાં સૌથી વધુ છે. રાજ્યનો સૌથી લાંબો દરિયાકિનારો ભારતના ૪૦% કાર્ગોનું સંચાલન કરે છે. સક્રિય પગલાં અને રોકાણકારો માટે અનુકૂળ નીતિઓ વૈશ્વિક હબ બનવાની ગુજરાતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

માનનીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે, ''સામાજિક-આર્થિક પ્રગતિને વધુ આગળ ધપાવવા માટે, સરકાર ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી, ઈલેક્ટ્રિક વાહનો, અવકાશ-સંબંધિત ઉત્પાદનો, સિરામિક્સ, ટેક્નિકલ ટેક્સટાઈલ્સ, જેમ્સ અને જ્વેલરી (લેબ ગ્રોન ડાયમંડ સહિત), ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન એન્ડ મેન્યુફેક્ચરિંગ (ESDM)/સેમિકન્ડક્ટર અને ફિનટેક જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન માટે સપોર્ટ પૂરો પાડે છે.'' તેમણે સમાપન કરતા કહ્યું કે, ''મને આશા છે કે દેશના આ અમૃતકાળમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત સમિટની દસમી આવૃત્તિ આપણા માટે 'અમૃત' ભવિષ્ય સમાન બની રહે.'' તેમણે આગામી વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે રોકાણકારોને આમંત્રિત કર્યા. વધુમાં, ગુજરાત સરકારના GIDC ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર કુમાર મીના (IAS)એ ગુજરાતમાં ઉપલબ્ધ અસંખ્ય વ્યવસાયની તકો પર પ્રેઝન્ટેશન આપ્યું. આ પ્રસંગે ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના વરિષ્ઠ પ્રમુખ શ્રી સંજય કુમાર વર્મા સહિત અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્દોર રોડ શોનું સમાપન MP FICCI સ્ટેટ કાઉન્સિલના ટ્રેડ પ્રમોશન પેનલના કન્વીનર શ્રી કુણાલ ગીયાની દ્વારા આભારવિધિ સાથે થયું.

હિંમતનગરમાં પ્રભારી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને સા.કાં. ભાજપની જિલ્લા સંકલન બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,હિંમતનગર સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને કેબિનેટ કક્ષાના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને આજે હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનની સંકલન બેઠક યોજાઈ જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કુ કૌશલ્યાકુંવરબા પરમાર, ધારાસભ્ય વી.ડી. ઝાલા, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, સોલંકી લોકેશભાઈ તથા જિલ્લાના તમામ હોદ્દેદારોની હાજરીમાં મળેલ બેઠકમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલે કાર્યકરોને શું કરવું, લાભાર્થીઓ માટે કાર્યકર્તા ક્યાં મદદગાર થાય તે વિશે વિસ્તૃત માહિતી આપેલ. પ્રભારી મંત્રી બળવંતસિંહ રાજપૂતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા વિશે જણાવેલ કે મોદી સાહેબનો વિચાર ભારત સરકાર દ્વારા છેવાળા ના માનવી સુધી પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા જાગૃતિ લાવવા, છેવાળા ના માણસને હજુ શું મદદ કરી શકીએ જે લાભાર્થી હોય અથવા જેને યોજનાઓનો લાભ નથી મળ્યો તો તેમને શું લાભ અપાવી શકીએ તેના માટે આ કામ કર્યું. લાભાર્થી મનથી તમને આશીર્વાદ આપશે. એથી આ કાર્યક્રમમાં કાર્યકર્તા પણ જોડાય. મંત્રી બળવંતસિંહ એ વધુમાં જણાવેલ કે હું જે ડિપાર્ટમેન્ટમાં કામ કરું છું તેમાં ૨૭ યોજનાઓ છે તમે વિચાર કરો ભગવાને આપણને બધું જ આપ્યું છે તો આપણે શું જોઈએ ? આશીર્વાદ તો આ ગરીબનું કામ કરશો તો આશીર્વાદ મળશે. આપણો રાષ્ટ્ર સુખી ક્યારે ગણાય, શક્તિશાળી બનશે તો, સંગઠનના લોકો લાભાર્થીઓને શોધી લાવે તેવી મારી ઈચ્છા છે તેમને લાભ અપાવવાનો. આ પ્રસંગે જિલ્લા નવનિયુક્ત મહામંત્રી બનેલ લોકેશભાઈ સોલંકી નું પણ સ્વાગત સન્માન કરેલ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ભારતમાં યુગાન્ડાના એમ્બેસેડર અને ડેપ્યુટી હેડ ઓફ મિશન એમ્બ માગરિટ એલ કયોગિર

ગુજરાત સાથે મેન્યુફેક્ચરીંગ-એગ્રીકલ્ચર-હેલ્થકેર-કન્સ્ટ્રક્શન-સ્કીલ ડેવલપમેન્ટ તથા વોકેશનલ અને ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટરના ક્ષેત્રોમાં સહભાગીતાની ઈચ્છા દર્શાવી

વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪ પછી ગુજરાતનું ઉચ્ચસ્તરીય ડેલીગેશન યુગાન્ડાની મુલાકાતે મોકલવાની નેમ

કમલમ્ ન્યુઝ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત યુગાન્ડાના ભારતસ્થિત એમ્બેસેડર અને ડેપ્યુટી હેડ ઓફ મિશન સુશ્રી એમ્બ માર્ગારિટ એલ ક્યોગિર અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારત અને યુગાન્ડાના એક સદીથી વધુના ઐતિહાસિક સંબંધોના પરિણામે ડિફેન્સ, ઈકોનોમિક, ટ્રેડ એન્ડ કલ્ચર, એજ્યુકેશન તથા હેલ્થકેર અને ટુરીઝમના સંબંધોનો સેતુ મજબૂત બન્યો છે તેમ બેઠકની વાતચીતમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ભારત-યુગાન્ડામાં ખાનગી ક્ષેત્રો વચ્ચેના જોડાણથી યુગાન્ડામાં ભારતીય તથા ગુજરાતીઓના વ્યવસાયો વ્યાપક બન્યા છે. યુગાન્ડાના રાજદૂતશ્રીએ તેમના રાષ્ટ્રમાં ઉદ્યોગ-વેપારને ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ફ્રીલેન્ડ, ટેક્ષ હોલી-ડે, ટેકનોલોજી ટ્રાન્સફરમાં સરળતા જેવા જે વિશેષ પ્રોત્સાહનો અપાય છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત અને ભારતના અનેક ઉદ્યોગ ગૃહોની યુગાન્ડામાં પ્રેઝન્સ છે. એટલું જ નહીં, આફ્રિકન દેશો સાથે ટ્રેડ એન્ડ કોમર્સ માટે યુગાન્ડા મહત્વપૂર્ણ લોકેશન પણ બન્યું છે. તેમણે ગુજરાત સાથે મેન્યુફેક્ચરીંગ, એગ્રીકલ્ચર, હેલ્થ કેર, કન્સ્ટ્રક્શન, એજ્યુકેશન તથા સ્કીલ ડેવલપમેન્ટ માટે વોકેશનલ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટર જેવા સેક્ટર્સમાં સહભાગીતાની ઈચ્છા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમને રાજ્ય સરકારના પ્રો-એક્ટિવ એપ્રોચ અને ઈન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી પોલીસીઝની જાણકારી આપી હતી અને ભારત-ગુજરાત-યુગાન્ડાના સંબંધોને વધુ વ્યાપક બનાવવા વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪માં જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે યુગાન્ડા દ્વારા ઉદ્યોગ-વેપારને અપાતા ઈન્સેન્ટિવ્ઝ સહિતના ક્ષેત્રોના અભ્યાસ માટે ગુજરાતનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ આગામી વાઈબ્રન્ટ સમિટ પછી યુગાન્ડાની મુલાકાતે જાય તેવી નેમ પણ વ્યક્ત કરી હતી. આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર તેમજ ઈન્ડેક્ષ-બીના એમ.ડી. શ્રી ગૌરાંગ મકવાણા પણ જોડાયા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028